**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૯૮ ટકા

# દર વર્ષે શ્રાધ્ધ શા માટે કરવામાં આવે છે

## શ્રાધ્ધ પક્ષમાં કાગવાસનું મહત્વ અને જાણકારી હિંદુ સંસ્કૃતિમાં વિસ્તૃત ઉલ્લેખ કરવામાં આવ્યું છે



ગાંધીનગર, તા.૧૧

ભાદરવા સુદ પુનમથી શ્રાધ્ધ પક્ષની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે શ્રાધ્ધ વિશેની કેટલીક વિસ્તૃત માહિતી અહીંયા જણાવવામાં માંગીએ છીએ. જેમાં દર વર્ષે શ્રાધ્ધ શા માટે કરવું જોઈએ થી લઈ કઈ તિથિ પર કયા પિતૃઓનું શ્રાધ્ધ કરવું જોઈએ તેની માહિતી છે. દર વર્ષે શ્રાધ્ધ શા માટે કરવું જોઈએ..? એવો પ્રશ્ન દરેક નવી પેઢીના માણસોને થતો હતો પરંતુ જો તમે આપણી પ્રાચીન પરંપરાની કેટલીક હકીકતો જાણશો તો તમે પણ ચોક્કસ તમારા પૂર્વજોનું શ્રાધ્ધ કરશો. હિન્દુ ધર્મની માન્યતા મુજબ આત્મા જયાં સુધી મોક્ષ ન મેળવે ત્યાં સુધી એ જન્મ ધારણ કરતો રહે છે. જયારે એને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય ત્યારે એને કોઈ પણ પ્રકારની વાસના રહેતી નથી. જેને મોક્ષ પ્રાપ્તિ કહેવામાં આવે છે. આથી આવા આત્મા સાક્ષાત્કારીને ભુમિદાહ દેવામાં આવે છે અને તેની સમાધિ બનાવવામાં આવે છે કેમકે એને કોઈ પણ મનની વાસના રહેતી નથી. આથી આવા આત્મા સ્થુળ શરીરની આસપાસ ફરતાં રહેતા નથી પણ જેને મોક્ષ નથી મળ્યો તે આત્મા ફરીથી કયારે જન્મ ધારણ કરશે તે કહી ન શકાય. વળી એની દેવશકિત પણ હોવાથી આથી જો સ્થુળ દેહને બાળવામાં આવે તો આત્માની એની આસપાસ ફરતા રહેવાનો છેદ ઉડી જાય છે. આથી હિન્દુઓમાં અગ્નીદાહની પ્રથા છે. દરેક માટેએ સમય સરખો હોતો નથી.

બહુ જ ઉચ્ચ કોટીના અને તદ્દન નીચ કોટીના આત્માને પોતાના અનુકુળ મા-બાપ જલ્દી મળી આવતા નથી. આથી એના પૂર્નજન્મને વર્ષોના વર્ષો લાગી જાય. જયારે સામાન્ય કક્ષાના સરેરાશ આત્માને યોગ્ય મા-બાપ મેળવવામાં મુશ્કેલી હોતી નથી. વળી મૃત્યુ પછી આત્માની સ્મૃતિ આગળ જોયું તેમ ૧૨-૧૩ દિવસ સુધી જ રહે છે. પણ કોઈક આત્મા અમુક કારણોસર આ સ્મૃતિ અનેક વર્ષો સુધી પણ જાળવી રાખે એવું બની શકે. આથી એવા આત્માને માટે દર વર્ષે શ્રાધ્ધ કરવાની જરૂર રહે છે. સામાન્ય રીતે વાર્ષિક શ્રાધ્ધ આપણે તે જ વર્ષે મૃત્યુ પામેલ આત્મા માટે કરીએ છીએ પણ તે સમયે આપણા બધા જ પૂર્વજો અને અન્ય સગા સંબંધીઓ, મિત્રો, ગુરૂ, નોકરો, પરીચીતો, અપરીચીતો જેમને માટે આવી ક્રિયા ન થઈ શકી હોય તે બધા ઉપરાંત વૃક્ષોનો પણ સમાવેશ કરવામાં આવે છે. આથી આ બધાની તૃપ્તિ માટે દર વર્ષે શ્રાધ્ધ કરવામાં આવે છે.

### શ્રાધ્ધમાં કાગડાને કાગવાસ કેમ આપે છે ?

શ્રાધ્ધ પક્ષ પિતૃઓનો ઉત્સવ છે. અનેક પ્રકારના મિષ્ટાન્ન અને પિતૃઓને ભાવતા ભોજન બનાવીને તેમનો ભોગ પિતૃઓને ચઢાવવામાં આવે છે. હિન્દુ ગ્રંથો અનુસાર કાગડાને દેવપુત્ર માનવામાં આવે છે. એ પણ માન્યતા છે કે ઈન્દ્રના પુત્ર જયંતે જ સૌથી પહેલા કાગડાનું સ્વરૂપ ધારણ કર્યું હતું. આ કથા ત્રેતા યુગની છે. જયારે રામે અવતાર લીધો હતો અને જયંતે કાગડાનું સ્વરૂપ ધારણ કરીને સીતાને ઘાયલ કરી હતી. ત્યારે રામે તણખલાથી બ્રહ્માસ્ત્ર ચલાવીને જયંતની આંખ ફોડી નાંખી જયારે તેમણે પોતાના કૃત્યની માફી માંગી ત્યારે રામે તેને વરદાન આપ્યું કે તમને અર્પિત કરવામાં આવેલું ભોજન પિતૃઓને મળશે. ત્યારથી શ્રાધ્ધ નિમિત્તે આ ભોજન કાગડાઓને આપવાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં કરાયો છે.

કાગડાને ભોજન કાગવાસ તરીકે આપવા પાછળ એવું મનાય છે કે કાગડાએ કરેલ ભોજન સીધુ પિતૃ સુધી પહોંચે છે અને જેનાથી પિતૃઓ તૃપ્ત થાય છે અને તેમના આશિર્વાદ મળે છે. આ ઉપરાંત બીજી પણ એક માન્યતા છે કે શ્રાધ્ધ નિમિત્તે આપેલ કાગવાસ લેવા પિતૃઓ જ કાગનું રૂપ લઈને આવે છે અને કાગવાસ જમીને તૃપ્ત થાય છે. જો ધ્યાનથી જોવામાં આવે તો કાગડો એક આંખવાળો હોય છે તેને એક જ આંખથી જોયામાં આવે છે.



### આ તિથિએ માત્ર આકસ્મિક મૃત્યુ પામેલા પિતૃનું શ્રાધ્ધ થાય છે

સામાન્ય રીતે આપણે એ વાત તો જાણીએ જ છીએ કે વ્યક્તિના મૃત્યુના દિવસે જે તિથિ હોય છે તે જ તિથિના દિવસે તેનું શ્રાધ્ધ કરવામા આવે છે પણ શું તમે એ જાણો છો કો ચૌદશના દિવસે મૃત્યુ પામેલી વ્યક્તિનું શ્રાધ્ધ ચૌદશના દિવસે કરાતું નથી. આ ચૌદશના દિવસે મૃત્યુ પામેલી વ્યક્તિનું શ્રાધ્ધ ચૌદશના પછીના દિવસે એટલે કે અમાસના દિવસે જ કરવામાં આવે છે. ચૌદશના દિવસે માત્ર હત્યા, એક્સિડન્ટ, અપ્રાકૃતિક રીતે મૃત્યુ પામેલી વ્યક્તિઓનું જ શ્રાધ્ધ કરવામાં આવે છે પછી તેમનું મૃત્યુ ગમે તે તિથિએ થયું હોય.

## સ્વામિનારાયણ મંદિર ખાતે ફિઝીયોથેરાપી દિનની ઉજવણી



વિશ્વ ફિઝિયોથેરાપી દિવસની ઉજવણી અને પ્રચાર માટે, ઈન્ડિયન એસોસિએશન ઓફ ફિઝિયોથેરાપિસ્ટ-ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ભક્તિ માતા ભવન - સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે Osteoarthritis દર્દીઓ માટે નિઃશુલ્ક જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. કેમ્પનું આયોજન ડો.વિરલ ચિતારા, ડો.યજ્ઞેશ ત્રિવેદી, ડો.પ્રેમનારાયણ ખીચી, ડો.સુનિલ પટેલ, ડો.વિવેક ત્રિવેદી, ડો.કૃતિકા સુખડીયા, ડો.નિશિતા દરજી અને ડો.નિશીત મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.



શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ અસ્થિ સુમનનું વાત્રક નદી, મોટા દેદરડા-ખેડામાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

## 'આપણી પેઢી ડીજીટલ પેઢી' અંતર્ગત બાલિકા દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૧૧

આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર દ્વારા પેથાપુર ખાતે 'આપણી પેઢી ડીજીટલ પેઢી' અંતર્ગત બાલિકા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર ઉત્તર ગુજરાતના છ જીલ્લા (ગાંધીનગર, સાબરકાંઠા, અરાવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા)ની આશરે ૨૩૫ જેટલી બાલિકાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. જેના વિષય અંતર્ગત બાલિકાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ઊંડી માહિતી મેળવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર, સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંચાલિત ચાઈલ્ડ લાઈન ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું.

# નગરદેવતાનો વાસ છતાં સાવ બિસ્માર માર્ગો સહિતની સમસ્યાથી ત્રસ્ત સે. ૨૨

**જે રોડ-રસ્તા માટે વૃક્ષોના નિકંદનથી જનઆક્રોશ ઉઠ્યો હતો તે રોડ-રસ્તા હતાં તેનાથી વધુ બિસ્માર બન્યાં : જાહેર સાફસફાઇમાં લાલિયાવાડી સાથે આડેધડ વિકસેલા કોમર્શિયલ શોપિંગ સેન્ટરોને પગલે પાર્કિંગ-ટ્રાફિકની સમસ્યા : તુટેલી કમ્પાઉન્ડ વોલ, પાણીના અપુરતા ફોર્સ સહિત રખડતાં ઢોર જેવી અનેક સમસ્યાઓ**




ગાંધીનગર, તા.૧૧

પાટનગરના નગરદેવતા ગણાતા પંચદેવ જ્યાં બિરાજે છે અને ગાંધીનગરના હૃદય સમું અને પંચદેવ મંદિર તથા રાજકીય આગેવાનોના નિવાસ સ્થાનોને કારણે જાણીતું એવું સેક્ટર-૨૨ છેલ્લાં કેટલાંય સમયથી જીવનજરૂરી તેમજ જાહેર આરોગ્યને અસર કરતી સેવાઓમાં સર્જાયેલી લાલિયાવાડી કારણે ખડી થયેલી સમસ્યાઓ જેવી કે સમગ્ર સેક્ટરમાં બિસ્માર માર્ગો, વિવિધ ભાગોમાં પીવાના સ્વચ્છ અને સુરક્ષિત પાણી તેમજ તેના અપૂરતા ફોર્સ, ઉભરાતી ગટર, રસ્તાઓ પરની બંધ શેરી લાઈટ્સ, જાહેર શૌચાલયોની અસ્વચ્છતા, સેક્ટરની આંતરિક જાહેર સફાઈ વ્યવસ્થામાં બેદરકારી જેવી સમસ્યાઓને કારણે પારાવાર હાલાકી અનુભવી રહ્યું છે. આ ઉપરાંત સેક્ટર ફરતે રહેણાંક વિસ્તારમાં આડેધડ વિકસી ગયેલા કોમર્શિયલ શોપિંગ સેન્ટરો અને તેને કારણે સર્જાતી પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા તેમજ રોડ સાઈડના વનીકરણનું સત્યાનાશ થવા સાથે સેક્ટરમાં આંતરિક રોડ પહોળો કરવા વૃક્ષોના નિકંદન કઢાના લગભગ દોઢ-બે વર્ષ બાદ પણ રોડની કઢંગી હાલત અને વૃક્ષછેદન




સામે ઉઠેલા જનઆક્રોશને શાંત પાડવા વૃક્ષોના રી-ટ્રાન્સપ્લાન્ટેશનની સાવ નિષ્ફળ કામગીરીએ સેક્ટર-૨૨ની એક સમયે સૌથી સુચારુ ગણાતી વ્યવસ્થાને જાણે ખોરવી નાંખી છે. સેક્ટર-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટીના રહેવાસી પ્રતિમાબેન ભરતભાઈ ઠક્કરના જણાવ્યા મુજબ છેલ્લાં અઠવાડિયાથી પીવાના પાણીની સમસ્યા ઉભી થઈ છે. એક માળના મકાનમાં પણ ઉપર પાણી મોટરથીય પહોંચે એટલું પ્રેશર હોતું નથી અને નીચેના મકાનોમાં જે પાણી આવે છે એ ડહોળું હોવાને કારણે પીવાલાયક હોતું નથી આથી પુરવઠો અને ગુણવત્તા બન્નેનો પ્રશ્ન છે. જાહેર આરોગ્ય સામેનું આ ગંભીર જોખમ છે. આ સોસાયટીના અન્ય રહીશ સુ.શ્રી શીતલબેન સચિનભાઈ સોનીએ જણાવ્યું કે સેક્ટરના આંતરિક ભાગમાં કોઈ







સફાઈ કર્મચારી આવતા ન હોવાથી સેકટરમાં કચરાના ઢગલા થઈ રહયાં છે. ઝાડના પાંદડા અને વરસાદી પાણી ભેગું થવાથી મચ્છર અને માંખીઓનો ઉપદ્રવ વધી રહ્યો છે. ભરતભાઈ ઠક્કરે જણાવ્યું કે પીવાના પાણી માટે જે નવી પાઈપ લાઈનો નાંખવામાં આવી હતી તેના ખાડા બરાબર પુર્યા ના હોવાને કારણે વાહનોને નુકસાન થાય છે અને અકસ્માત થવાનું જોખમ વધી ગયું છે. સે-૨૨ના રહીશ સ્વાતિબેન ગઢિયાએ જણાવ્યું કે છેલ્લા એક વર્ષથી શેરી લાઈટો બંધ રહે છે જેના પરિણામે ચોરીનું જોખમ વધી ગયું છે. એમના ઘર આંગણેથી પાર્ક કરેલી એમની નવી નકોર કારની ચોરી થઈ ગઈ જેનું આજસુધી કોઈ પગેરું મળી શક્યું નથી. લાઈટની આ સમસ્યાની જ્યારે રજુઆત કરીએ છીએ ત્યારે થાંભલા નંબર માંગે છે જે થાંભલા પર ક્યાંય લખેલા મળતા નથી. અલકા મહેતાએ જણાવ્યું કે સેકટરમાં રખડતા ઢોરને કારણે અકસ્માતનું જોખમ રહે છે. કચરાના નિકાલ માટેની ગાડીની નિયમિતતા પણ એક મોટો પ્રશ્ન છે. વિકાસના કામો માટે વૃક્ષોને જે રીતે કાપવામાં આવી રહયાં છે એ પણ ચિંતાનો વિષય છે. અજાણ્યા વ્યક્તિઓને સેક્ટરના જુદા-જુદા ભાગો અંગેની જાણકારી આપે એવા નાગરિકો માટેના સરળ નકશાવાળા સાઈનબોર્ડ્સની પણ તાતી જરૂરિયાત છે.

સેક્ટરના રહેવાસીની સુરક્ષા, આરોગ્ય અને સુખાકારી માટેના ઉપરોક્ત પ્રશ્નોનું સત્વરે અને યોગ્ય નિરાકરણ કરવામાં આવે એવી તમામ વસાહતીઓમાં અપેક્ષા સેવાઈ રહી છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

"સે.૨૨માં મુખ્ય માર્ગથી માંડીને મોટાભાગની સોસાયટીઓના આંતરિક માર્ગો પણ અત્યંત બિસ્માર હાલતમાં છે. માર્ગો પરના વર્ષો જુના ઘટાદાર પ્રાણવાયું આપતા વડ-પીપળાં જેવા વૃક્ષોનું નિકંદન કાઢી નંખાયુ અને રોડ વચ્ચે બિનજરૂરી ડીવાઈડર નાંખીને રોડને વધુ સાંકડા બનાવી દીધાં છે જેના કારણે ટ્રાફિકજામ અને પાર્કિંગના પ્રશ્નો સર્જાય છે. આનંદવાટિકા સોસાયટીના બંને પ્રવેશદ્વારે લગાડેલી પાઈપોવાળી કેટલટ્રેપથી ઢોરના પ્રવેશ પર તો નિયંત્રણ આવ્યું નહીં પરંતુ આ કેટલટ્રેપના કારણે વાહનચાલકો આવતાં-જતાં પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યાં છે."

**- અશ્વિન વ્યાસ (કુકર)**
પત્રકાર તથા અગ્રણી વસાહતી, સે.૨૨

"સે.૨૨ ફરતે મુખ્ય માર્ગો તરફની કમ્પાઉન્ડ વોલ નવી બનાવી દેવાઈ પરંતુ અગમ્ય કારણોસર ચ-૬ કોર્નર નજીક વર્ષોથી તુટેલી કમ્પાઉન્ડ વોલને રજુઆતો કરવા છતાં જેમની તેમ છોડી દેવાઈ છે. તુટેલી કમ્પાઉન્ડ વોલને કારણે તેની નજીકના રહીશોને સતત ચોરી-ચકારીનો ભય રહે છે અને રખડતાં ઢોરને અહીંથી પ્રવેશવાનો સરળ રસ્તો મળી જાય છે જે આ વિસ્તારમાં ગંદકી ફેલાવવા સાથે અકસ્માતનું જોખમ સર્જે છે."

**- ગજેન્દ્રસિંહ બારડ**
અગ્રણી વસાહતી, સે.૨૨

"સે.૨૨માં રખડતા ઢોરને કારણે અકસ્માતનું જોખમ રહે છે. કચરાના નિકાલ માટેની ગાડીની નિયમિતતા પણ એક મોટો પ્રશ્ન છે. વિકાસના કામો માટે વૃક્ષોને જે રીતે કાપવામાં આવી રહયાં છે એ પણ ચિંતાનો વિષય છે. અજાણ્યા વ્યક્તિઓને સેક્ટરના જુદા-જુદા ભાગો અંગેની જાણકારી આપે એવા નાગરિકો માટેના સરળ નકશાવાળા સાઈનબોર્ડ્સની પણ તાતી જરૂરિયાત છે. વાસ્તુનિર્માણ સોસાયટીમાં પીવાના પાણીનો ફોર્સ અપુરતો રહે છે. "

**- અલકા મહેતા**
મહિલા અગ્રણી, વાસ્તુનિર્માણ સોસાયટી, સે.૨૨

## જન્મદિને વધામણી



રમાકાંત ભીલ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮



લતાબેન વી પટેલ
આસી. ટિચર (સે-૧૬)
મો. ૯૪૨૭૦ ૪૯૫૮૨



પ્રજાપતિ કૃપાલ પ્રવીણભાઈ
મો. ૯૮૯૮૭ ૩૫૨૪૪



જાનસી દ્રોણકુમાર પંડ્યા



હાર્દિક દરજી



જય દિનેશભાઈ પટેલ

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ.પટેલ રોહીતાભાઈ બાબુભાઈ ઉ.વ.૫૮, રૂપાલ
- સ્વ.જોષી ઈન્દીરાબેન મુનીન્દ્ર ઉ.વ.૮૧, સે-૭
- સ્વ.પાઠક સીતાબેન છોટાલાલ ઉ.વ.૯૦, રીદ્રોલ,
- સ્વ.પટેલ જયાબેન અંબાલાલ ઉ.વ.૮૫, સે-૪
- સ્વ.સોલંકી રમણજી કેશાજી ઉ.વ.૬૪, આલમપુર
- સ્વ.કનોજીયા ચંપા વિશ્વનાથ ઉ.વ.૬૭, ધોળાકુવા

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ.પ્રજાપતિ જીતુભાઈ જાદવભાઈ ઉ.વ.૪૯, ભાટ
- સ્વ.પટેલ પિનાકીન કાન્તીલાલ ઉ.વ.૪૫, સે-૬
- સ્વ.દેસાઈ હરગોવનભાઈ જીવણભાઈ ઉ.વ.૬૬, કુડાસણ
- સ્વ.મિસ્ત્રી પ્રફુલચંદ્ર ચંદુલાલ ઉ.વ.૬૬, સેકટર-૩
- સ્વ.પાટીલ વિઠ્ઠલભાઈ શ્રવણભાઈ ઉ.વ.૬૯, સેકટર-૩